## રાણપુરના મે. જયુડી.મેજી.ફ.ક.શ્રીની કોર્ટમાં મુકામ.રાણપુર, જી.બોટાદ

**અરજદાર જગદીશભાઈ ગગજીભાઈ ચોસલાની બેંકમા ફ્રીઝ થયેલ રકમ રીફંડ/મુકત કરવા માટે બી.એન.એસ.એસ. કલમ–૫૦૩ અન્વયેની અરજી લગત હુકમ**

૧. અરજદારની હાલની અરજી વંચાણે લીધી. અરજદાર તથા વિ.એ.પી.પી.શ્રીનાઓને સાંભળ્યા તથા તેમની રજુઆતો ધ્યાને લીધી. તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય તેમજ રજુ દસ્તાવેજો ધ્યાને લીધા.

૨. હાલના અરજદારે તેઓની અરજીમાં રજૂઆત કરેલ છે કે તેઓ અરજીમાં જણાવેલ સરનામે રહે છે અને તેઓની સાથે સાઈબર ક્રાઈમનો બનાવ બનેલો. જે બનાવમાં તેઓના **STATE BANK OF INDIA A.c. No.36910553024 માંથી રૂ.૧૪,૫૦૦/– તથા GUJARAT GRAMIN BANK A.c. No.78019365087 માં થી રૂ.૧૦,૦૦૦/– જે મળી કુલ રૂ.૨૪,૫૦૦/– ઉપડી ગયા હતા** અને તે બાબતે તેઓએ **હેલ્પ લાઈન નં.૧૯૩૦** ઉપર કોલ કરીને પોતાની ફરીયાદ નોંધાવેલ હતી જેની ફરીયાદ **તા.૨૨/૨/૨૦૨૬** ના રોજ **એકનોલેઝમેન્ટ નં.** 31102260042221 થી નોંધાયેલ હતી.

ત્યારબાદ સદર અરજીનુ રેકર્ડ જોતા ફલીત થાય છે કે સાયબર ક્રાઈમ પોલીસ દવારા અરજદારના ઉપરોકત ખાતામાંથી ગયેલ નાણા પૈકી **સામાવાળાની બેંકો જેવી કે BANK OF MAHARASHTRA A.c. No.60567928946 માં** ગયેલ **રૂ.**3269/- **પૈકી હાલ બેલેન્સ રુપિયા**–3269/- **તથા HDFC BANK A.c. No.50100819546107 માં** ગયેલ **રૂ.9892**/- **પૈકી હાલ બેલેન્સ રુપિયા**–9892/- **જે તમામ મળી કુલ રૂ.૧૩,૧૬૧/– બી.એન.એસ.એસ. કલમ–૧૦૬** મુજબ ફ્રિઝ કરાવેલ છે અને તે હાલ તેમના તેમ જ પડી રહેલ છે.

જે બાબતે અરજદારે વધુમાં જણાવેલ છે કે તેઓને ખુબ મોટું આર્થિક નુકશાન થયેલ છે અને તેઓને ગુજરાન ચલાવવા માટે રુપિયાની જરુર હોય નાણાં તેઓના ખાતામાં પરત અપાવવા માટે **બી.એન.એસ.એસ. કલમ–૫૦૩** મુજબ યોગ્ય હુકમ કરવા નમ્ર અરજ કરેલ છે.

૩. અરજદરાની અરજી સબબ તપાસ કરનાર અમલદાર એટલે કે નાયબ પોલીસ અધિક્ષકશ્રી, સાયબર ક્રાઈમ સેલ, સી.આઈ.ડી.ક્રાઈમ, ગુજરાત રાજય, ગાંધીનગરનાઓને સદર ગુના બાબતે તમામ પેપર સહિત સ્પષ્ટ અભિપ્રાય રજુ કરવા હુકમ કરવામાં આવેલ.

૪. જે અન્વયે નાયબ **પોલીસ ઈન્સ્પેકટરશ્રી, સાયબર ક્રાઈમ પો.સ્ટે. બોટાદનાઓએ જાવક નં .૨૧૮૧/૨૦૨૬ થી તા.૪/૪/૨૦૨૬ ના રોજ** પોતાનો અભિપ્રાય રજૂ કરેલ છે. તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય તેમજ તેને લગતા કાગળો વંચાણે લેતા તેઓએ જણાવેલ છે કે શંકાસ્પદ બેંક ખાતામાં જે તે નાગરિકના નાણાં ગયેલા હોય તે બેંકને નાણા ફ્રીઝ કરાવવા તેમજ જો તે નાણા ત્યાંથી ટ્રાન્સફર થઈ ગયેલા તો તેની માહિતી આપવા માટે અત્રેથી સી.આર.પી.સી.ની કલમ–૯૧ તથા ૧૦૨ હેઠળ નોટીસ આપવામાં આવે છે. નોટીસ આધારે બેંકો આ શંકાસ્પદ રીતે મેળવાયેલા નાણા ફ્રીઝ કરવામાં આવે છે.

જે નાણા પાછા મેળવવા માટે હાલના અરજદારનાએ આપ નામદાર સાહેબની કોર્ટમા અરજી કરેલ હોય અને તે સારુ અભિપ્રાય માંગેલ હોય જે બાબતે તેઓએ જણાવેલ છે કે, અરજદારશ્રીનાએ સામાવાળાની ઉપર જણાવેલ શંકાસ્પદ જુદી જુદી બેંકોના ખાતાઓ બનાવટી હોવાનું જણાઈ આવેલ છે અને સદરહુ ખાતા સીઝ કર્યા બાદ ખાતેદારો કે અન્ય કોઈ વ્યકિતઓએ ખાતા સીઝ કર્યા બાબતની તેઓના સમક્ષ કોઈ વાંધા અરજીઓ કે તકરાર લીધેલ નથી કે જણાયેલ નથી જેથી અરજદારના રુપિયા પરત આપવા તેઓનો સ્પષ્ટ અભિપ્રાય છે.

૫. આ કામે અરજી સાથે રજુ કરવામાં આવેલ બેંક પેપરર્સની નકલો ધ્યાને લેતા તેમજ તપાસ કરનાર અમલદાર દવારા રજુ કરવામાં આવેલ અભિપ્રાય તથા તેને લગતા કાગળો ધ્યાને લ ેતા એ હકીકત સ્પષ્ટ થાય છે કે હાલના બનાવમાં અરજદારના ઉપરોકત જણાવ્યા મુજબના ખાતામાંથી નાણા ઉપડી ગયેલ હોવાનું તથા શંકાસ્પદ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર થયાનું હાલના તબકકે સ્પષ્ટ જણાઈ આવે છે. તદુપરાંત રેકર્ડ પરની હકીકતો ધ્યાને લેતા હાલના કામે આજદિન સુધી એફ.આઈ.આર. થયેલ હોય કે, હાલના કામે કોઈની ધરપકડ કરવામાં આવેલ હોય તેમ જણાઈ આવતું નથી. તેમજ બનાવ એટલો લાંબો સમય પસાર થઈ ગયેલ હોવા છતાં આજ દિન સુધી અરજદાર સિવાય અન્ય કોઈએ સદર નાણાની અત્રે ની અદાલત સમક્ષ માંગણી કરેલ નથી. તેમજ તપાસ કરનાર અમલદારનો અભિપ્રાયમાં ટ્રાન્સફર મેળવનાર ખાતાઓ બનાવટી હોવાનુ જણાવેલ છે તથા ખાતાઓ સીઝ કર્યા બાબતે પોલીસ સમક્ષ કોઈ વાંધો કે તકરાર લીધેલ નથી.

વધુમા સદરહુ તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય ધ્યાને લેતા અરજદારના બેંક ખાતામાંથી ગયેલ નાણા ફ્રીઝ કરવામા આવેલ હોય તે નાણાનો કબજો મેળવવા અરજદાર હકકદાર જણાય છે.

૬. આ તબકકે સદર નાણા પરત આપવા બાબતે અત્રેની અદાલતની સત્તા હુકુમત જોતા ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૪૫૭માં નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

***457. Procedure by police upon seizure of property :-***

***(1)*** *Whenever the seizure of property by any police is reported to Magistrate under the provisions of this Code and such property is not produced before a Criminal Court during an inquiry or trial, the Magistrate may make such order as he thinks fit respecting the disposal of such property or the delivery of such property to the*

*person entitled to the possession thereof or if such person cannot be ascertained respecting the custody and production of such property.*

***(2)*** *If the person so entitled is known the Magistrate may order the property to be delivered to him on such conditions (if any) as the Magistrate thinks fit, and if such person is unknown, the Magistrate may detain it and shall, in such case, issue a proclamation specifying the articles of which such property consists, and requiring any person who may have a claim thereto, to appear before him and establish his claim six months from the date of such proclamation.*

આમ, ***ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૪૫૭(૧)માં*** જણાવ્યા મુજબ જયારે કોઈ પોલીસ અધિકારી દવારા મિલકતની જપ્તીની જાણ મેજીસ્ટ્રેટને કરવામાં આવે અને તપાસ દરમ્યાન આવી હકીકત અદાલત સમક્ષ રજુ કરવામાં આવેલ ન હોય ત્યારે મેજીસ્ટ્રેટને આવી મિકલતના નિકાલ બાબતે અથવા કબજા બાબતે યોગ્ય લાગે તેવો હુકમ કરવાની સત્તા આપવામાં આવેલ છે. આ ઉપરાંત ***નામદાર હાઈકોર્ટ દવારા ગોવિંદભાઈ તેજાભાઈ બારીયા વિ. ગુજરાત રાજ્ય, ૨૦૦૧(૨) જી.એલ.એચ.૭૨૬ના કેસમાં પેરા નં. (૯.૨),(૧૦) તથા (૨૨)માં*** નીચે મુજબ ઠરાવેલ છે.

***(9.2)“*****.................Shri Pandya has cited so many authorities with regard to legal possession of Sec. 451 and Sec. 452 of Cr.P.C. Here in this case owner lodged a complaint in the police station for which offence has been registered for theft having been committed in respect of two vehicles. That two vehicles have been found from the possession of the purchaser but at the same time the Investigating Officer has come to a conclusion that complainant has filed a false*

*case and therefore muddamal vehicles are seized during the course of the police investigation and Investigating Officer has reported about such seizure of two vehicles, from the purchaser to the Court and therefore Sec. 457 of Cr.P.C. will be applicable. In no case Sec. 451 Cr.P.C. will be applicable to this case. Sec. 457 of Cr.P.C. reads as follows: "*

*Sec. 457 Procedure by police upon seizure of property:*

***(1)** Whenever the seizure of property by any police officer is reported to a Magistrate under the provisions of this Code, and such property is not produced before a Criminal Court during an inquiry of trial, the Magistrate may make such order as he thinks fit respecting the disposal of such property or the delivery of such property to the person entitled to the possession thereof, or if such person cannot be ascertained, respecting the custody and production of such property."*

***(2)** If the person so entitled is known, the Magistrate may order the property to be delivered to him on such conditions (if any) as the Magistrate thinks fit and if such person is unknown, the Magistrate may detain it and shall, in such case, issue a proclamation specifying the articles of which such property consists, and requiring any person who may have a claim thereto, to appear before him and establish his claim within six months from the date of such proclamation."*

***10.** On reading aforesaid section, it is crystal clear that words "may make such order as he thinks fit" are of much importance. When word `may' is used discretion has been given to the learned Magistrate, of course that discretion is to be exercised judicially*

*keeping in mind the well settled principles of law. The words "to the person entitled to the possession thereof" are also important and relevant. From the papers if the learned Magistrate has come to a conclusion that particular person is entitled to the possession of the vehicles then he can pass the order directing the muddamal article to be handed over to that person. From record it appears that the purchaser has paid Rs.3,22,400/- to the owner of the vehicles and society was knowing about the fact that owner has already sold vehicles to purchaser.*

***22.*** *As discussed earlier, when the learned Magistrate has followed the decision of this Court, in Hussain Amibhai Qureshi (Supra), it cannot be said that he has passed an order contrary to well settled legal position with regard to return of muddamal articles under Sec. 457 of Cr.P.C. pending the inquiry. "*

આમ, ઉપરોકત કરેલ ચર્ચાઓ, અરજદાર તથા વિ.એ.પી.પી.શ્રીની રજુઆતો, રજુ તમામ દસ્તાવેજો, તપાસ કરનાર અમલદારશ્રીનો અભિપ્રાય તેમજ કેસનુ રેકર્ડ અને તે પરની હકીકતો ધ્યાને લેતા  સદર નાણા ઉપરોકત જણાવેલ બેંકોના બનાવટી ખાતાઓમાં જમાં હોય તેથી સદર રોકડ રકમના દર તેમજ સીરીયલ નંબર બાબતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેમજ ભવિષ્યમાં પણ મુદૃામાલની ઓળખ બાબતની કોઈ તકરાર કે પ્રશ્ન ઉપસ્થિત થાય તેવુ જણાઈ આવતુ નથી. વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટ દવારા ***સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિ. ગુજરાત રાજય, ૨૦૦૩(૧)જી.એલ.એચ.૭૨૬ના પાના નં.૩૦૭ના ચુકાદામા*** પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો નજર સમક્ષ રાખતા ઉપરોકત જણાવેલ કારણોસર અરજદારની હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાઈ આવતી હોય, ન્યાના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**હુ ક મ**

**૧.** અરજદારની હાલની અરજી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૪૫૭ હેઠળ આથી મંજુર કરવામાં આવે છે.

**૨.** અરજદારને સદર ગુનાના કામે અરજદારના પોતાનુ **STATE BANK OF INDIA A.c. No.36910553024 માંથી રૂ.૧૪,૫૦૦/– તથા GUJARAT GRAMIN BANK A.c. No.78019365087 માંથી રૂ.૧૦,૦૦૦/– જે મળી કુલ રૂ.૨૪,૫૦૦/– ઉપડી સામાવાળાની બેંક જેવી કે BANK OF MAHARASHTRA A.c. No.60567928946 માં ગયેલ રુ.**3269/- **પૈકી હાલ બેલેન્સ રુપિયા**–3269/- **તથા HDFC BANK A.c. No.50100819546107 માં ગયેલ રુ.9892**/- **પૈકી હાલ બેલેન્સ રુપિયા–**9892/- **જે તમામ મળી કુલ રૂ.૧૩,૧૬૧/– બી.એન.એસ.એસ. કલમ–૧૦૬ મુજબ ફ્રીઝ કરવામા આવેલ છે તે** રકમના જાત જામીન (બોન્ડ) તથા તેટલી જ રકમના સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપ્યેથી આ કેસના આખરી નિકાલ સુધી નીચેની શરતોને આધિન વચગાળાની કસ્ટડી સ્વરુપે સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** વધુમા હુકમ કરવામાં આવે છે કે અરજદાર દવારા હુકમ મુજબના જાત જામીન (બોન્ડ) તથા તેટલી જ રકમના સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપ્યેથી પોલીસ અધિકારી દવારા તે મતલબની જાણ તથા સદર હુકમની જાણ જે તે બેંકને કરવી તેમજ **ઉપરોકત બેન્કો**ને હુકમ કરવામાં આવે છે કે તેઓને પોલીસ અધિકારી દવારા અરજદારને હુકમ મુજબના જાત જામીન (બોન્ડ) તેમજ સધ્ધર જામીન પોલીસ સ્ટેશનમાં આપેલ હોવાની તથા સદર હુકમની જાણ મળ્યેથી દિન–૭ માં **સામાવાળાની બેંક જેવી કે BANK OF MAHARASHTRA A.c. No.60567928946 માં ગયેલ રુ.**3269/- **પૈકી હાલ બેલેન્સ રુપિયા–**3269/-

**તથા HDFC BANK A.c. No.50100819546107 માં ગયેલ રુ.9892/- પૈકી હાલ બેલેન્સ રુપિયા–9892/- જે તમામ મળી કુલ રૂ.૧૩,૧૬૧/– અરજદારની બેન્ક જેવી કે STATE BANK OF INDIA A.c. No.36910553024 તથા GUJARAT GRAMIN BANK A.c. No.78019365087** માં જમા કરવી અને તેની જાણ હાલના અરજદારને તથા પોલીસ સ્ટેશનને કરવી.

**શરતો:–**

**૧.** અત્રેની અદાલત જયારે ફરમાવે ત્યારે નાણા અદાલત સમક્ષ રજૂ કરવાના રહેશે.

**૨.** ઉપરોકત ખાતા ધારક વ્યકિત કે અન્ય વ્યકિત દવારા સદર નાણા પર કલેઈમ કરે અને પોતાનો હક/હિત પુરવાર કરે તેવા સંજોગોમાં અરજદારે સદર રકમ પરત કરવાની રહેશે.

**૩.** સદર મુદ્દામાલ રકમનો કોઈ ગુનાહિત કામે ઉપયોગ કરવો/કરાવવો નહી.

**૪.** કોઈપણ શરતોનો ભંગ થયેથી હાલનો વચગાળાનો હુકમ આપોઆપ રદ્દ ગણાશે તથા મુદ્દામાલ રોકડ રકમ ફરીથી જપ્ત થવાને પાત્ર રહેશે તથા બોન્ડ અને જામીનગીરીની રકમ વસુલ કરવાને પાત્ર રહેશે.

હુકમ આજ રોજ તા.૦૮ મી માહે એપ્રિલ–૨૦૨૬ ના રોજ વાંચી, સહી કરી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**તા.૦૮/૦૪/૨૦૨૬**
**રાણપુર**

**( એચ. એચ. પટેલ )**
**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ**
**રાણપુર**

**CRMA.J.NO.33/2026**

Out Ward No. /2026
Judicial Magistrate First Class
Ranpur
Dt.08/04/2026

To,
The Dy. Sp.
Cyber Crime Cell, C.I.D. Crime,
Gandhinagar/Botad

**Sub:- Return of Valuable Property.**

With above mention subject, I would like to draw your attention towards the Cyber Crime Registered Ticket **No.**31102260042221 the application made by **JAGDISHBHAI GAGJIBHAI CHOSALA,** regarding valuable property, Please find the below the order:-

**1.** The application of the applicant is hereby allowed U/s. 457 of the Code of Criminal Procedure.

**2.** It is hereby ordered that the custody of the cash amount of **Rs.13161/-. which is** seized in the said offence given to the applicant as interim custody subject to furnishing of one and half time the personal surely ( bond) of the said amount and surety of the like amount before the police station till the final disposal of the case subject to the following condition.

**3.** It is further ordered that on furnishing the personal surely ( bond) and surety of the like amount before the police station the Police station by the applicant, the Police Officer shall intimate the same and about the said order to the concerned Bank and it is oredered to **ALL ABOVE BANK** that receipt of the intimation by the police officer that applicant has furnished the personal surety (bond) and surety of like amount before the Police Station and about the said order, the amount of **Rs.13161/- which is** lying

as deposit **Rs.3269/- in BANK OF MAHARASHTRA A.c. No.60567928946 & Rs.9892/- in HDFC BANK A.C.NO.50100819546107,** these various amount be deposited in the Applicant's **STATE BANK OF INDIA A.c. No.36910553024 & GUJARAT GRAMIN BANK A.c. No.78019365087** within 10 days and intimation of the same be made to this court and the concerned Police Station.

**Conditions :-**

**1.** The Applicant shall produce the said money before this Court when asked this Court.

**2.** The Applicant has to return the said amount if the aforsaid account holder or any other person makes claim on the said amount and establishes his right / interest.

**3.** Said muddamal amount shall not be used of make to sue, For any offensive act.

4. In case breach of any of the conditions, the order of interim custody shall automatically get cancelled and muddamal cash amount shall be liable to be seized again and surety amount shall also likely to be recovered.

Pronounced in the open court on this the 08th April, 2026.

**Dt.08-04-2026**
**Ranpur**

**( H. H. PATEL)**
**Judicial Magistrate First Class**
**Ranpur**